
# નાની શેરડી ગામમાં ધાર્મિક આસ્થા અને એકતાના પ્રતીક સમાન પવિત્ર સ્થાનો




બોરસદ તાલુકાના નાની શેરડી ગામમાં પ્રાચીન સમયથી ધાર્મિક પરંપરા અને સંસ્કૃતિનું વિશેષ મહત્વ રહેલું છે. ગામમાં આવેલાં વિવિધ ધાર્મિક સ્થળો ગ્રામજનોની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર બની રહ્યા છે. આ પવિત્ર સ્થળોમાં મુખ્યત્વે શ્રી મેલડી માતાજી , શ્રી સિકોતર માતાજી, શ્રી જોગણી માતાજી, શ્રી ચંદ્રિકા ભાવની, શ્રી શક્તિ માતાજી, ખોડીયાર માતાજી, શ્રી હરસિધ્ધિ માતાજી, શ્રી રામેશ્વર મહાદેવ અને હનુમાનજીના મંદિર ગામની ધાર્મિક અને સાંસ્કૃતિક ઓળખ તરીકે જાણીતા છે. ગામમાં આવેલું શિકોતર માતાનું મંદિર શ્રદ્ધાળુઓ માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર છે. ગામજનો તથા આજુબાજુના વિસ્તારોના ભક્તો અહીં માતાજીના દર્શન કરવા નિયમિત રીતે આવે છે. માતાજીના આશીર્વાદથી ગામમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ રહે તેવી ગ્રામજનોની અડગ માન્યતા રહેલી છે. તે ઉપરાંત હનુમાનજી મંદિર આધ્યાત્મિક શાંતિ અને ધાર્મિક પ્રવૃત્તિઓ માટે મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. અહીં સમયાંતરે ભજન-કીર્તન, સત્સંગ તથા ધાર્મિક પ્રવચનો યોજાતા રહે છે, જેના કારણે ગામમાં ધાર્મિક વાતાવરણ નિર્માણ પામે છે અને લોકોમાં સદાચાર તથા આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ થાય છે. શ્રી હરસિધ્ધિ માતાનું મંદિર પણ ગામનું મહત્વનું ધાર્મિક સ્થળ છે. ભક્તો અહીં માતાજીની પૂજા-અર્ચના કરીને મનની શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરે છે. આ મંદિર ગામની પરંપરાગત ધાર્મિક માન્યતાઓ સાથે જોડાયેલું હોવાથી ગામના સામાજિક જીવનમાં તેનું વિશેષ સ્થાન છે. શ્રી ચંદ્રિકા ભાવની મંદિર પણ શેરડી ગામની ધાર્મિક સમરસતાનું પ્રતિક છે. અહીં વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે આધ્યાત્મિક માર્ગદર્શન આપવામાં આવે છે, જે ગામજનોમાં ભાઈચારો અને એકતાની ભાવના મજબૂત બનાવે છે. ગામમાં વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક તહેવારો ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવે છે. ખાસ કરીને નવરાત્રી દરમિયાન માતાજીના ગરબા અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેમાં ગામના યુવાનો, મહિલાઓ અને વડીલો સૌ સાથે જોડાઈ ઉત્સવની મોજ માણે છે. જન્માષ્ટમીના પર્વે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે ભજન-કીર્તન અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. રામનવમીના પ્રસંગે ભગવાન શ્રીરામના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવે છે, જ્યારે મહાશિવરાત્રીના પર્વે ભગવાન શિવની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવે છે. આ તમામ ધાર્મિક તહેવારો અને કાર્યક્રમો ગામના તમામ સમાજના લોકો એકતા અને સમરસતાથી ઉજવે છે, જેના કારણે ગામમાં સામાજિક સુમેળ અને ભાઈચારો વધુ મજબૂત બન્યો છે. ગામની આ ધાર્મિક પરંપરા અને સંસ્કૃતિ આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બની રહી છે. ગામના આ પવિત્ર સ્થાનો અને ધાર્મિક ઉત્સવો માત્ર આસ્થા નહીં પરંતુ ગામની સંસ્કૃતિ, એકતા અને સામાજિક જીવનનું મહત્વપૂર્ણ અંગ બની રહ્યા છે.

# દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગ્રામજનોની આર્થિક કરોડરજ્જુ સમાન પાયાની સંસ્થા



**અમુલ ડેરીના સહયોગથી મંડળીના તમામ સભાસદોને સામુહિક અકસ્માત વીમા યોજના હેઠળ સમાવેશ કરાયો છે**

નાની શેરડી ગામની પ્રજાનો આર્થિક વિકાસનો શ્રેષ્ઠ સ્ત્રોત દુધ મંડળી દ્વારા થતી આવક પર નિર્ભર છે. ગામના જાગૃત દીર્ઘદ્રષ્ટિવાળા સ્વપ્નદષ્ટાઓએ ગામના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી, હકારાત્મક દષ્ટિકોણથી વિચારી સદર સંસ્થાની સ્થાપના ૬૫ વર્ષ અગાઉ કરી હતી. રૂપિયા પાંચનો એક શેર આપી સભાસદો બનાવવા માટે ગામના આગેવાનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. શરૂઆતના વર્ષોમાં આ સંસ્થા નાના મકાનમાં કાર્યરત થઈ હતી. ત્યારબાદ નવા મોટા મકાનમાં થોડા વર્ષો માટે કાર્યરત બની હતી. ત્યારબાદ આ સંસ્થાએ પોતીકું મકાન નિર્મિત કર્યું છે. ગામના સંનિષ્ઠ નાગરિકોના સહભાગીપણા અને કુશળ વહીવટને કારણે સમયકાળના પ્રવાહ સાથે આ સંસ્થા આજે ગામમાં પ્રવેશતા તેના વિરાટ સ્વરૂપમાં વટવૃક્ષ સમાન અડીખમ ઊભી છે. શરૂઆતના સમયમાં 100ની સભાસદ સંખ્યાથી શરૂ થયેલી આ સંસ્થા આજે 1500 ઉપરાંત સભાસદની સંખ્યાને સ્પર્શી ગઈ છે. જેમ જેમ સંસ્થા વિકાસની કેડીને કંડારતી ગઈ તેમ તેમ તેની ભૌતિક સુવિધામાં ફેરફાર કરવાની અનિવાર્યતા વધતી જણાતા આ સંસ્થાનું નૂતન અધતન ભૌતિક સુવિધા સંપન્ન મકાન નિર્માણ પામ્યું છે. જેમાં દૂધ સાચવવાનો વિશાળ "ટાંકો" લાવવામાં આવ્યો છે. સદર સંસ્થા દર વર્ષે લોકજન હિતાર્થે ગામની નાની મોટી શૈક્ષણિક સંસ્થાઓને આર્થિક સહાય આપી શિક્ષણને ઉત્તેજના આપતી રહી છે. સાથો સાથ જાહેર આરોગ્ય જાળવણી અંતર્ગત ગામસફાઈ, રાહત દરે દવાનું વિતરણ વગેરે ઉમદા કાર્યો કરી, ગામની અવિરત સેવાના કાર્યો પણ કરી રહી છે. સદર સંસ્થા સાચા અર્થમાં નક્કી કરેલા હેતુઓના લક્ષ્યને સર કરી ગામનું આભૂષણ બની રહી છે. દુધ મંડળીના ચેરમેન તરીકે ઝાલા કલ્પેશભાઈ ભયલાલભાઈ તથા વા. ચેરમેન તરીકે રબારી સાગરભાઈ ખોડાભાઈ જવાબદારી સંભાળી રહ્યા છે. જ્યારે વ્યવસ્થાપક કમિટીના સભ્યો તરીકે પરમાર દિનેશભાઈ મથુરભાઈ, પરમાર અજીતભાઈ ગણપતભાઈ, પરમાર સુરેશભાઈ છોટાભાઈ, પઢિયાર અલ્પેશભાઈ ભારતભાઈ, પઢિયાર ગીરીશભાઈ રામસિંહ, પઢિયાર લક્ષ્મણભાઈ કેશરીસિંહ, રબારી અરવિંદભાઈ પૂજાભાઈ, મકવાણા સામતભાઈ ભીખાભાઈ, દેસાઈ વિનુભાઈ કલ્યાણસિંહની નિમણુંક કરવામાં આવી છે.


# શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી અનેક વિધાર્થીઓએ ઉજ્જવળ કારકિર્દી બનાવી ગામને ગૌરવવંતુ બનાવ્યું છે




નાની શેરડી ગામમાં કેળવણી મંડળ સંચાલિત ઉત્તર બુનિયાદી વિદ્યાલય શૈક્ષણિક સંસ્થા કાર્યરત છે. મંડળનો ઉદ્દેશ્ય સમાજમાં સંસ્કારનું સિંચન અભ્યાસ થકી કરી સમાજને ઉત્કૃષ્ઠ વ્યક્તિત્વ પ્રદાન કરવાનો છે. ગામમાં સ્કુલની સ્થાપના થઈ છે. જે હાલમાં પણ કાર્યરત છે. આજે આ સંસ્થા એક વટવૃક્ષ બની છે અને રાજ્ય કક્ષાએ ખ્યાતી મેળવી છે. ટ્રસ્ટ સંલગ્ન સંસ્થાઓના વિકાસ માટે તેમજ તેમની પ્રવૃતિઓને વેગ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. ટ્રસ્ટની સંસ્થાઓનો ગામ તેમજ આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓના લાભ મેળવે છે. શાળાઓમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ કાર્યરત છે. . જેમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધોરણ 11-12 કાર્યરત છે. બંને શાળા જરુરી સુવિધાથી સજ્જ છે

શાળાઓમાં શૈક્ષણિક કાર્ય ઉપરાંત વસ્તુત્વ હરિફાઇ, ધાર્મિક સ્પર્ધા, મહેંદી પ્રવચન, વર્ગ સુશોભન, નિબંધલેખન સ્પર્ધા, જોડણી સુધારણા ઝુંબેશ, રંગોળી સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, મહેંદી હરીફાઈ, તેમજ વૃક્ષારોપણ. સ્વતંત્રતા અને પ્રજાસતાક દિવસની ઉજવણી. સ્વચ્છતા અભિયાન, જન્માષ્ટમી મહોત્સવ, યોગ સાધના, ગૌરીવ્રતની ઉજવણી , શૈક્ષણિક પ્રવાસ જેવા વિવિધ કાર્યક્રમો નું આયોજન કરવામાં આવે છે. બાળકોને કોમ્પ્યુટરનું શિક્ષણ મળી રહી તે માટે શાળામાં કોમ્પ્યુટર સેન્ટર પણ કાર્યરત છે, જેમાં અનુભવી શિક્ષકો ધ્વારા કોમ્પ્યુટરનું શિક્ષણ વિદ્યાર્થીઓ મેળવે છે.. વિદ્યાથીઓને પ્રોત્સાહિત કરવામાં માટે દર વર્ષે વાર્ષિક પરિણામ આધારિત ઇનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવે છે.

# ગામમાં યુવાનોની દીર્ઘદ્રષ્ટિથી સેવાકીય પ્રવૃત્તિઓથી લોકહિતની અનેકવિધ કામગીરી કરાય છે



નાની શેરડી ગામમાં હાલના સંજોગોમાં શિક્ષિત અને જાગૃત યુવકોના સંગઠનના કારણે ગામના જય અંબે યુવક મંડળ સહિત વિવિધ ગૃપ અને સામાજિક સંગઠનો અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે મહીં પંથકમાં ખુબ જ જાણીતા છે.જય અંબે યુવક મંડળના યુવાનો ખૂબ સારુ કાર્ય કરે છે. પૌરાણિક મંદિરો તેમજ નવા મંદિરો જેવા ધાર્મિક સ્થળોનો વિકાસ યુવાનોની જહેમતથી થયો છે. દાતાઓ દ્વારા ઉદારતાથી દાન આપવામાં આવે છે. ગામના તમામ લોકોની ઉપસ્થિતિમાં દર વર્ષે દરેક મંદીરના પાટોત્સવ પણ ધામધૂમથી ઉજવાય છે. ગામમાં કોઈ જ પ્રકારની હુંસાતુંસી ક્યારેય પણ થયેલ નથી. યુવાનોની એકતા માટે નાની શેરડી ગામ પંથકમાં ખુબ જ જાણીતુ બન્યુ છે. નાની શેરડી ગામમાં તમામ સમાજના દરેકે દરેક યુવાનો , આગેવાનો ખભેખભા મિલાવી ગામના તમામ ધાર્મિક સામાજિક સહીતના વિવિધ પ્રસંગોમા અરસપરસ મદદરુપ થાય છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)

# વડોદરાના ગાયકવાડ રાજ્યના નેજા હેઠળ આવતા બે ગામ માટે સંયુક્ત શાળા નાની શેરડી ગામમાં શરૂ થઈ હતી



**નાની શેરડી ગામના સ્વ. સવાભાઈ કલ્યાણભાઈ રબારીએ શાળાના નિર્માણ માટે પોતાની જમીન દાનમાં આપી હતી**

બોરસદ તાલુકાનું નાની શેરડી ગામ માત્ર તેની ઐતિહાસિક ઓળખ અને સામાજિક એકતા સાથે સાથે શિક્ષણ ક્ષેત્રે કરેલા સંઘર્ષ અને વિકાસ માટે પણ જાણીતું છે. ગામના વડીલો અને આગેવાનોના પ્રયાસોથી અહીં શિક્ષણનો દીવો પ્રગટ્યો હતો, જે આજે ગામના વિકાસનો મજબૂત આધાર બની રહ્યો છે. લોક ચર્ચા દરમિયાન જાણવા મળ્યા અનુસાર નાની શેરડી ગામ અને નજીકનું કોઠીયાખાડ ગામ વડોદરાના ગાયકવાડ રાજ્યના નેજા હેઠળ આવતા હતા. તે સમયગાળા દરમિયાન આ બંને ગામ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે ખૂબ જ પછાત ગણાતા હતા. તે સમયમાં ગામોમાં શિક્ષણની સુવિધાઓ ન હોવાને કારણે બાળકોને ભણવાની તક મળતી નહોતી. ગામના લોકો ખેતી અને પરંપરાગત વ્યવસાયમાં જ વ્યસ્ત રહેતા હોવાથી શિક્ષણ અંગે જાગૃતિ પણ ઓછી હતી.

ગામના વિકાસ માટે સૌપ્રથમ શિક્ષણની જરૂરિયાત સમજાઈ હતી અને નાની શેરડી ગામમાં પ્રથમ શાળાની શરૂઆત કરવામાં આવી હતી. શરૂઆતમાં આ શાળામાં માત્ર બાલવર્ગ-1 અને બાલવર્ગ-2 સુધીના બાળકોને શિક્ષણ આપવામાં આવતું હતું. તે સમયગાળામાં શાળાની પરિસ્થિતિ અત્યંત સામાન્ય હતી. બાળકોને બેસવા માટે કોઈ મજબૂત મકાન કે ઓરડાની વ્યવસ્થા નહોતી. માત્ર ઓસરી જેવી જગ્યામાં બાળકોને બેસાડીને ભણાવવામાં આવતા હતા. છતાં ગામલોકો માટે આ શરૂઆત આશાની કિરણ સમાન હતી.

સમય જતાં બંને ગામના વડીલો અને આગેવાનોને સમજાયું હતું કે ગામના બાળકોને સારું શિક્ષણ આપવું હોય તો યોગ્ય શાળા અને મકાન જરૂરી છે. ત્યારબાદ બંને ગામના આગેવાનો ભેગા મળી નવી શાળા બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. નવી શાળાનું મકાન બનાવવા માટે ગામના દાતાશ્રીઓએ ઉદારતાપૂર્વક સહકાર આપ્યો હતો. નાની શેરડી ગામના સ્વ. સવાભાઈ કલ્યાણભાઈ રબારીએ શાળાના નિર્માણ માટે પોતાની જમીન દાનમાં આપી હતી. આજે આ જ જમીન ઉપર શાળાનું મકાન કાર્યરત છે, જે તેમના સેવાભાવનું જીવંત સ્મારક બની રહ્યું છે.

શાળાના મકાનના નિર્માણમાં પ્રથમ બે ઓરડાઓ બનાવવા માટે શાહ રણછોડલાલ ગિરધરભાઈએ મહત્વપૂર્ણ દાન આપ્યું હતું. ત્યારબાદ અન્ય દાતાઓએ પણ ધીમે ધીમે સહકાર આપ્યો અને શાળાના વધુ ઓરડાઓનું નિર્માણ શક્ય બન્યું હતું શાળાની સ્થાપના પછી કોઠીયાખાડ અને નાની શેરડી ગામના બાળકોને શિક્ષણની સારી તક મળી. શિક્ષણના પ્રસાર સાથે ગામમાં જાગૃતિ વધવા લાગી અને નવી પેઢી વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા લાગી. ગામના અનેક યુવાનો શિક્ષણ મેળવી સરકારી અને ખાનગી ક્ષેત્રમાં સેવા આપી રહ્યા છે. શિક્ષણના કારણે ગામની સામાજિક અને આર્થિક સ્થિતિમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.